**<u>નવી બાબત વર્ષ ૨૦૨૫-૨૬.</u>**

સંત સુરદાસ યોજના હેઠળ ૬૦ ટકા કે તેથી વધુ દિવ્યાંગ વ્યક્તિને દિવ્યાંગ પેન્શન આપવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક-SJED/NIR/e-file/17/2024/2751/CHH-1
સચિવાલય, ગાંધીનગર
તા.૨૮/૦૩/૨૦૨૫.

**વંચાણે લીધા:-**

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો ઠરાવ ક્રમાંક- અપગ/૧૦૨૦૦૦/ન.બા.૪/છ, તા.૨૨/૦૯/૨૦૦૦નો ઠરાવ.

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૦૬/૧૦/૨૦૧૭નો ઠરાવ ક્રમાંક:અપગ/૧૦૨૦૧૭/૫૮૪૫૯૬/છ.૧.

(૩) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૪/૦૩/૨૦૨૨નો ઠરાવ ક્રમાંક: SJED/MSM/e-file/17/2022/0115/CHH-1.

(૪) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૪/૦૩/૨૦૨૪નો ઠરાવ ક્રમાંક: SJED/NIR/e-file/17/2023/3301/CHH-1.

(૫) નિયામકશ્રી, સમાજ સુરક્ષાનો તા.૦૧/૦૩/૨૦૨૫નો પત્ર નં.DSD/NIT/e-file/226/2024/1170/Planning Branch.

**આમુખ-**

વંચાણે લીધેલ ક્રમાંક (૧) પરના વિભાગના તા.૨૨/૦૯/૨૦૦૦ના ઠરાવથી તીવ્ર દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિને આર્થિક સહાય આપવા માટેની સંત સુરદાસ યોજના અમલમાં છે. આ યોજનામાં વંચાણે લીધેલ ક્રમાંક (૧) પરના વિભાગના તા.૨૨/૦૯/૨૦૦૦ના ઠરાવથી શરતો ઠરાવેલ છે. આ યોજનામાં વિભાગના ક્રમાંક (૨) પરના તા.૦૬/૧૦/૨૦૧૭ના ઠરાવથી બી.પી.એલ સ્કોર ૦-૨૦ કરવામાં આવેલ છે. આ યોજનામાં વિભાગના ક્રમાંક (૩) પરના તા.૧૪/૦૩/૨૦૨૨ના ઠરાવથી સંત સુરદાસ યોજનામાં માસિક સહાયમાં રૂ.૪૦૦/- નો વધારો કરી કુલ રૂ.૧૦૦૦/- માસિક સહાય આપવાનું ઠરાવવામાં આવેલ છે. આ યોજનામાં વિભાગના ક્રમાંક (૪) પરના તા.૧૪/૦૩/૨૦૨૪ના ઠરાવથી સંત સુરદાસ યોજનાનો લાભ મેળવવા માટે બી.પી.એલ. કાર્ડ તથા ઉમરનું ધોરણ ૦ થી ૧૭ની જોગવાઇ દુર કરવામાં આવેલ છે. આ યોજના હેઠળ ૬૦ ટકા કે તેથી વધુ દિવ્યાંગ વ્યક્તિને દિવ્યાંગ પેન્શન આપવા અંગેની વર્ષ ૨૦૨૫-૨૬ના અંદાજપત્રમાં કુલ રૂ.૯૯.૦૦ કરોડની નવી બાબતને સૈધ્ધાંતિક મંજૂરી મળેલ છે. આ નવી બાબતને વહીવટી મંજૂરી આપવાની વંચાણે લીધેલ ક્રમાંક(૫) ઉપરની નિયામકશ્રી, સમાજ સુરક્ષાની દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

પુખ્ત વિચારણાને અંતે સંત સુરદાસ યોજનામાં ૬૦ ટકા કે તેથી વધુ દિવ્યાંગ વ્યક્તિને દિવ્યાંગ પેન્શન આપવા બાબતની વર્ષ ૨૦૨૫-૨૬ની કુલ રૂ.૯૯.૦૦ કરોડની નવી બાબતને નીચેની વિગતો/શરતોને આધિન વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

સંત સુરદાસ યોજના હેઠળ પેન્શનનો લાભ લેવા માટે દિવ્યાંગતાના ધારાધોરણમાં ફેરફાર કરીને ૬૦% કે તેથી વધુ દિવ્યાંગતા ધરાવતા દિવ્યાંગો તેનો લાભ મેળવવા માટે લાયક ગણાશે.

ઉક્ત યોજના હેઠળના અરજદાર સમાન પ્રકારની અન્ય કોઇ સહાય/પેન્શન મેળવતા ન હોવા જોઇએ.

**શરતો:**

(૧) આ યોજના હેઠળ નિયત થયેલ લાભાર્થીઓની મર્યાદામાં જ તેમજ અંદાજપત્રિય જોગવાઇની મર્યાદામાં જ સહાય ચુકવવાની રહેશે. કોઇપણ સંજોગોમાં આ યોજના હેઠળ નિયત નાણાકિય મર્યાદા અને લાભાર્થીની સંખ્યા વધે નહી તે મુજબનું આયોજન કરવાની તકેદારી નિયામકશ્રી સમાજ સુરક્ષાએ રાખવાની રહેશે.

(૨) આ યોજનાનો અમલ નિયામકશ્રી સમાજ સુરક્ષા, ગાંધીનગર મારફતે કરવાનો રહેશે.

(૩) પારદર્શક પ્રક્રિયા અનુસરી લાભાર્થીની પસંદગી કરવાની રહેશે.

(૪) ઓનલાઇન અરજી કરવાનું અને મંજૂરી આપવાનું પ્રાવધાન રાખવાનું રહેશે.

(૫) સાધન અથવા કીટ આપવાના કિસ્સામાં ખરીદી ગવર્નમેન્ટ ઇ-માર્કેટપ્લેસ (GeM) પોર્ટલ મારફતે કરવા તેમજ ખરીદ પધ્ધતિ મુજબની ખરીદી માટેની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. તથા તે મુજબ ખરીદી કરવાની રહેશે. પરંતુ જે વસ્તુઓ GeM Portal પર ઉપલબ્ધ ન હોય એવી વસ્તુઓની ખરીદી માટે ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૦૧/૧૦/૨૦૧૮ના ઠરાવ મુજબ ઉદ્યોગ અને ખાણ વિભાગ પાસેથી ના-વાંધા પ્રમાણપત્ર (No Objection Certificate) મેળવ્યા પછી જ ખરીદી કરવાની રહેશે. ત્યારબાદ વખતો વખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. સાધન/કીટની ગુણવત્તા સુનિશ્ચિત કરવાની રહેશે.

(૬) નાણાકિય સહાય નિયત કરેલ સમયાંતરે DBT પધ્ધતિથી જ આપવાની રહેશે.

(૭) આ યોજનાને DBT Portal ઉપર ફરજીયાત નોંધવાની રહેશે.

(૮) C.M Dash Board સાથે યોજના Link કરવાની રહેશે.

File No: SJED/NIR/e-file/17/2024/2751/CHH-1 Section
Approved By: Deputy Secretary,CHH-1 Section,SJED
*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*

(૯) યોજનાના મોનીટરીંગની યોગ્ય વ્યવસ્થા કરવાની રહેશે.

(૧૦) Social Audit અને Third Party Verification પણ સમયાંતરે કરાવી સરકારશ્રીને રજુ કરવાનું રહેશે.

(૧૧) યોજનાકીય મેનપાવરની મર્યાદામાં જ ખર્ચ કરવાનો રહેશે

(૧૨) કેન્દ્ર સહાયિત યોજનામાં ફંડ કેન્દ્ર સરકાર ફાળવે તે મુજબ જ યોજનાકીય લાભ લાભાર્થીને આપવાનો રહેશે

(૧૩) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

(૧૪) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે-તે વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૧૫) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૧૬) આ અંગેનો ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૧૭) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૧૮) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૧૯) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૨૦) અંદાજ સમિતિની ભલામણ અનુસાર રાજ્ય વિધાનમંડળ દ્વારા કોઇ નવી સેવા અથવા સેવાના નવા સાધન માટે અંદાજપત્રમાં માંગણી મંજૂર કરવામાં આવી હોય અને એ બાબતે બે વર્ષ સુધી કોઇ ખર્ચ કરવામાં આવ્યુ ન હોય, તો પછી વિધાનમંડળની મંજૂરી રદ્દ થઇ ગયેલ સમજવી. ત્યારબાદ જો તે બાબત પર ખર્ચ કરવાનુ આવશ્યક બને તો નવેસરથી વિધાનમંડળની મંજૂરી મેળવવાની રહેશે.

(૨૧) સદરહુ યોજનાની મંજૂરી સમયે રજૂ કરવામાં આવેલ પરિશિષ્ટમાં દર્શાવેલ સંપૂર્ણ વિગતોનુ ચુસ્તપણે પાલન કરવાની જવાબદારી નિયામકશ્રી સમાજ સુરક્ષા, ગાંધીનગરની રહેશે.

(૨૨) ઉક્ત યોજના અન્વયે સરકારશ્રીના હાલ અમલી અન્ય જોગવાઇઓ તથા તેમાંવખતોવખતના સુધારાઓ યથાવત રહેશે.

આ મંજૂરી આ વિભાગની સરખા ક્રમાંકની ઇ-ફાઈલ પર નાણાં વિભાગની મળેલ મંજૂરી અન્વયે આપવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(પ્રમેશ ગામેતી)
સેકશન અધિકારી,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન.મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક.મંત્રીશ્રી, (સા.ન્યા)નાં અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી(સા.ન્યા.)ના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(ખર્ચ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણાકીય સલાહકારશ્રી (સા.ન્યા), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા, બ્લોક નં-૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ(નિયામકશ્રી, સમાજ સુરક્ષા મારફત).
- છ શાખા/બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજરશ્રી, કોમ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, વિભાગની વેબસાઇટ પર મુકવા વિનંતી સહ.
- શાખા સિલેક્ટ ફાઇલ.